Publication : Sambandh
Date: December 23, 2020



સોમાણી હોમ ઇનોવેશન લિમિટેડે હાઇજિન અને ડિસઇન્ફેક્ટન્ટ ક્ષેત્રે પ્રવેશ કર્યો

એક્ટિવિઓ ફુડ સ્ટરિલાઇઝર અને હિંદવેર પર્જ સરફેસ ડિસઇન્ફેક્ટન્ટ જનરેટર સાથે ઓલ-ન્યુ સેનિટાઇઝેશન પ્રોડક્ટ્સ લોંચ કરી

નવી દિલ્હી, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૦ –'હિંદવેર એપ્લાયન્સિસ'ના નિર્માતા સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડે હાલમાં ચાલી રહેલી કોવિડ-૧૯ કટોકટીના પ્રતિસાદરૂપે ડિસઈન્ફેક્ટન્ટ પ્રોડક્ટ્સ – હિંદવેર એક્ટિવિઓ ફુડ સ્ટરિલાઈઝર અને હિંદવેર પર્જ સરફેસ ડિસઈન્ફેક્ટન્ટ જનરેટર લોંચ કરીને સેલ્ફ-એસેન્શિયલ્સ સેગમેન્ટમાં ઝંપલાવ્યું છે. અનુક્રમે રૂ. ૪૯૯૦ અને રૂ. ૯૯૯૯ની કિંમત સાથે હિંદવેર એક્ટિવિઓ ભારતભરમાં મેટ્રો કેશ એન્ડ કેરી સ્ટોર્સ તથા સામાન્ય રિટેઈલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે તેમજ હિંદવેર પર્જીર્ઈ.હ, ક્રોમા અને રિલાયન્સમાં ઉપલબ્ધ છે. ટૂંક સમયમાં આ પ્રોડક્ટ્સ ફ્લિપકાર્ટ અને છદ્બકર્ડહ.હ ઉપર પણ ઉપલબ્ધ બનશે. ગ્રાહકોના આરોગ્ય અને સ્વચ્છતાને ટોચની પ્રાથમિકતા આપતાં કંપનીએ ટેક્નોલોજી પ્રોડક્ટ્સના નિર્માણ માટે તેના આરએન્ડડીમાં રોકાણ કર્યું છે, જેથી ભારતીય ગ્રાહકોને વાઈરસ અને બિમારીઓ સામે ડિસઈન્ફેક્શન ઓફર કરી શકાય. હાલમાં ચાલી રહેલી મહામારીને કારણે સંસ્થાઓ અને લોકોને ફટકો પડ્યો છે તેમજ લોકોના જીવન, કામ, અભ્યાસ અને સામાજિક અંતર સાથે સંવાદની રીત કાયમી રીતે બદલાઈ ગઈ છે. વાઈરસ અને બેક્ટેરિયાને દૂર કરવા માટે સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડે હિંદવેર દ્વારા એક્ટિવિયો લોંચ કર્યું છે. આ ફુડ સ્ટરિલાઈઝર છે, જેનાથી તાજા ઉત્પાદો, માંસ અને કટલરીને સાફ કરી શકાય છે. ૧૦ લીટરની ક્ષમતાથી સજ્જ આ ઉપકરણ ઓલ-નેચરલ ઓઝોન પ્યુરિફિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, જેથી સૂક્ષ્મજંતુઓ, પ્રિઝર્વેટિવ્સ અને રિપનર્સ વગેરેના નિશાન દૂર કરે છે. તે પ્રોડક્ટ્સના દરેક પાસાને યોગ્ય પ્રકારે ડિસઈન્ફેક્ટ અને સ્ટરિલાઈઝ કરે છે, જે સામાન્ય વોશિંગથી પ્રાપ્ત કરી શકાતું નથી. વિશેષ પ્રકારે તૈયાર કરાયેલા એર બર્સ્ટ સ્ટોનથી સજ્જ એક્ટિવિયો શક્તિશાળી માઈક્રો-બબલ્સ પેદા કરે છે, જેનાથી ફળો અને શાકભાજીની સપાટી ઉપરના તમામ બાહ્ય અવશેષો ધોવાઈ જાય છે તેમજ બિમારી, ઈન્ફેક્શન્સ અને ઓર્ગન બિમારીઓ માટે કારણભૂત ઝેરી પદાર્થો દૂર થાય છે. અન્ય પ્રોડક્ટ પર્જ કે જે સરફેસ ડિસઈન્ફેક્ટન્ટ જનરેટર છે તે ત્રણથી ઓછી મીનીટમાં પ્યુરિફાઈડ વોટરનો ઉપયોગ કરીને ડિસઈન્ફેક્ટન્ટ સોલ્યુશન પેદા કરે છે, જેને ફર્નિચર, ઘરેલુ ઉપકરણો, બાથટબ, કીબોર્ડ, માઉસ, વાહનો, ફળો, શાકભાજી અને વાસણો વગેરે જેવી વિવિધ પ્રકારની સપાટી ઉપર સ્પ્રે કરી શકાય છે. ૯૯ ટકા વાઈરસને અસરકારક રીતે દૂર કરવા પર્જ ટીયુવી-એસયુડી સાઉથ એશિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ટેસ્ટેડ અને સર્ટિફાઈડ છે. આ લોંચ અંગે પ્રતિક્રિયા આપતાં સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડના સીઈઓ અને હોલ ટાઈમ ડાયરેક્ટર રાકેશ કૌલે જણાવ્યું હતું કે, "કોવિડ-૧૯થી માનવીની જીવનશૈલીમાં અભુતપૂર્વ બદલાવ આવ્યો છે. સામાજિક અંતર, માસ્ક અને હાઈજિન આપણા જીવનનો અભિન્ન હિસ્સો બન્યાં છે. ગ્રાહકોની આદતમાં આવેલું પરિવર્તન જળવાઈ રહેશે અને હાઈજિન તરફ સેન્ટિમેન્ટમાં વધારો થતાં ફુડ સ્ટરિલાઈઝર્સ અને સરફેસ ડિસઈન્ફેક્ટન્ટ જનરેટર્સ સહિતની ડિસઈન્ફેક્ટન્ટ પ્રોડક્ટ્સની માગ અને સપ્લાય વચ્ચેની ખાઈ વિશાળ બની છે. સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડ ખાતે અમારા ગ્રાહકોનું આરોગ્ય ટોચની પ્રાથમિકતા છે. પર્જ અને એક્ટિવિઓના લોંચ સાથે અમને હેલ્થ અને હાઈજિન સેગમેન્ટમાં પ્રવર્તમાન ખાઈ ઘટાડવાની અપેક્ષા છે. અમે આ લોંચ માટે બજારમાંથી સારા પ્રતિસાદની આશા છે કારણકે ગ્રાહકો અસરકારક હાઈજિન પ્રોડક્ટ્સ ઈચ્છી રહ્યાં છે." એક્ટિવિઓ ફુડ સ્ટરિલાઈઝર ૩ પ્રી-સેટ ફંક્શન્સ સાથે ઉપલબ્ધ છે, જે યુઝર્સને તાજા ઉત્પાદો, માંસ અને કટલરીની સફાઈ માટે સમર્પિત મોડ્સ પ્રદાન કરે છે. આ ઉપકરણ ૧૦ લીટરની ક્ષમતા ધરાવે છે, જેથી તમારા કરિયાણાને શુદ્ધ કરવા માટે તમારે વધારાના વોશિંગ બાઉલની જરૂર ન રહે તે સુનિશ્ચિત કરી શકાય છે અને જંતુઓ સાથેનો તમારો સંપર્ક ઓછો રહે છે. પર્જ સરફેસ ડિસઈન્ફેક્ટન્ટ જનરેટ તમારા ઘર, વાહનો અને ઓફિસના સ્થળને બેક્ટેરિયા અને સૂક્ષ્મજંતુઓ વગેરેથી મુક્ત રાખવા તેમજ તેને સેનિટાઈઝ કરવા માટે વિશેષ પ્રકારે ડિઝાઈન કરાયું છે. પર્જ દ્ઘકઞ્ઝૈં/ઝ્રૈંઁનો ઉપયોગ કરે છે, જે ડિસઈન્ફેક્ટન્ટ સોલ્યુશન છે તેમજ ઈન-બિલ્ટ ઈલેક્ટ્રોડ્સનો ઉપયોગ કરીને ઈલેક્ટ્રોકેમિકલ રિએક્શન દ્વારા તૈયાર કરાયું છે. પર્જ ડિસઈન્ફેક્ટન્ટ દ્વારા પેદા થતું દ્ઘકઞ્ઝૈં સોલ્યુશન ડિસઈન્ફેક્શન અને જંતુઓને દૂર કરવામાં અત્યંત અસરકારક છે. આ પ્રોડક્ટ ઓલ-ઈન-વન સેનિટાઈઝેશન, ડિસઈન્ફેક્શન, શેવાળ અને ગંધને દૂર કરે છે તથા ઉપયોગમાં વાજબી છે. માત્ર ૫વો વીજ વપરાશ સાથે આ ૪૨૦ જીએમ ઉપકરણ ૨૦૦ મીલી સુધી ડિસઈન્ફેક્ટન્ટ જાળવી શકે છે અને ૧ વર્ષની વોરંટી ધરાવે છે. હિંદવેર એપ્લાયન્સિસ ભારતમાં આઈઓટી સક્ષમ કનેક્ટેડ એપ્લાયન્સિસની સૌથી મોટી અને ઝડપથી વૃદ્ધિ સાધતી કન્ઝ્યુમર પ્રોડક્ટ કંપનીપૈકીની એક છે, જે વોટર હીટર્સથી લઈને વોટર પ્યુરિફાયર્સ, એર કૂલર્સ, એર પ્યુરિફાયર્સ, ફેન અને કિચન એપ્લાયન્સિસની વિશાળ શ્રેણી ગ્રાહકોનેઓફર કરે છે. તે આજના આધુનિક ગ્રાહકોની જીવનશૈલીને અનુરૂપ છે અને ભારતમાં ઘરને સારું બનાવવામાં યોગદાન આપે છે. હાલમાં સોમાણીહોમ ઈનોવેશન લિમિટેડ (એસએચઆઈએલ) સમગ્ર ભારતમાં ૯૨૫૦થી વધુ રિટેઈલ આઉટલેટ્સ, ૭૦૦થી વધુ ડિસ્ટ્રિબ્યુટર પાર્ટનર્સ અને૮૦૦થી વધુ મોર્ડન રિટેઈલ સ્ટોર્સનું નેટવર્ક ધરાવે છે. તાજેતરમાં કંપનીએ વોટર પ્યુરિફાયર્સ, વોટર હીટર્સ, એર પ્યુરિફાયર્સ અને ચીમનીમાંઆઈઓટી સક્ષમ એપ્લાયન્સિસમાં તેની પ્રોડક્ટ કેટેગરીનું વિસ્તરણ કર્યું છે.